# શિક્ષક–પ્રશિક્ષણમાં અનુકાર્ય

# Follow-up Work in Teacher Education


## સારાંશ :

શિક્ષણ મનુષ્યની શારીરિક, બૌદ્ધિક અને નૈતિક એમ બધા પ્રકારની શકિતઓના વ્યકિતગત અને સામાજિક ઉપયોગો માટે અને ઉપયોગો દ્વારા થાય છે. આમ શિક્ષણ દ્વારા વ્યકિતનો વિકાસ થાય છે. આથી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અનેક સંસ્થાઓ અનેક પગલાં હાથ ધરે છે. અનુકાર્ય પણ શિક્ષક પ્રશિક્ષણ ગુણવત્તામાં સુધારો કરવામાં પ્રશિક્ષણાર્થીને ખૂબ જ મદદરૂપ થાય છે. અનુકાર્ય એટલે પ્રશિક્ષણાર્થી શૈક્ષણિક તાલીમ પૂરી કર્યા બાદ સમાજમાં જાય છે, ત્યાં તે કેવી રીતે કાર્ય કરે છે, તેને શું મુશ્કેલી પડે છે, તેને પડતી મુશ્કેલીનું નિવારણ કરવું, તેને વધુ સમર્થ બનાવવો, તજજ્ઞ બનાવવો. અનુકાર્ય પત્ર વ્યવહાર દ્વારા, ફોન દ્વારા, મુલાકાત દ્વારા, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન દ્વારા તથા પ્રશિક્ષણાર્થીને તજજ્ઞ તરીકે સંસ્થામાં આમંત્રણ આપી કરી શકાય છે અનુકાર્ય દ્વારા મુશ્કેલીઓને જાણી શકાય, તેનું નિવારણ કરી શકાય, સેવાકાલીન તાલીમ આપી શકાય, માર્ગદર્શન આપવા, જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરવા તથા સમાજની જરૂરિયાત જાણી શકાય છે.



## ચાવીરૂપ શબ્દો :

અનુકાર્ય, શિક્ષક પ્રશિક્ષણ

# શીર્ષક : શિક્ષક–પ્રશિક્ષણમાં અનુકાર્ય

# Follow-up Work in Teacher Education

## પ્રસ્તાવના :

શિક્ષણ મનુષ્યની શારીરિક, બૌદ્ધિક અને નૈતિક એમ બધા પ્રકારની શકિતઓના વ્યકિતગત અને સામાજિક ઉપયોગો માટે અને ઉપયોગો દ્વારા થાય છે. આમ શિક્ષણ દ્વારા વ્યકિતનો વિકાસ થાય છે. શિક્ષણ વ્યકિતને આદર્શ વ્યકિત બનાવે છે. આથી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અનેક સંસ્થાઓ અનેક પગલાં હાથ ધરે છે. અનુકાર્ય પણ શિક્ષક–પ્રશિક્ષણ ગુણવત્તામાં સુધારો કરવામાં પ્રશિક્ષણાર્થીને ખૂબ જ મદદરૂપ થાય છે.

## અનુકાર્ય :

અનુકાર્ય શિક્ષક–પ્રશિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે મહત્વનો ભાગ ભજવી શકે છે.

અનુકાર્ય એટલે પ્રશિક્ષણાર્થી શૈક્ષણિક તાલીમ પૂરી કર્યા બાદ સમાજમાં જાય છે, ત્યાં તે કેવી રીતે કાર્ય કરે છે, તેને શું મુશ્કેલી પડે છે, તેને પડતી મુશ્કેલીનું નિવારણ કરવું, તેને વધુ સમર્થ બનાવવો, તજજ્ઞ બનાવો.

આમ અનુકાર્ય એટલે પ્રશિક્ષણાર્થી તાલીમ મેળવ્યા બાદ તે કયો વ્યવસાય પસંદ કરે છે ? તે આ વ્યવસાય કેમ પસંદ કરે છે ? તે આ વ્યવસાયમાં ટકી શકે છે કે કેમ ? નથી ટકી શકતો તેનું કારણ જાણવું, તેને તે વ્યવસાયમાં કેવી–કેવી મુશ્કેલીઓ પડે છે ? તે આ મુશ્કેલીઓનું નિવારણ કઈ કઈ રીતે કરી શકે ? તે પોતાના વ્યવસાયમાં નિપુણ કેવી રીતે બની શકે ? તે પોતાનો વ્યવસાય કેવી રીતે ટકાવી શકે ? તે અંગે તેને માર્ગદર્શન પૂરું પાડવું.

## અનુકાર્ય કરવાની રીતો નીચે મુજબ છે.

### પત્ર વ્યવહાર દ્વારા સંપર્ક :

પ્રશિક્ષણાર્થીઓ સાથે પત્ર દ્વારા સંપર્કમાં રહી તે વિશેની માહિતી મેળવી શકાય. આ સંપર્ક માટે સૌથી સરળ અને ઓછુ ખર્ચાળ સાધન છે. આ પ્રકારના સંપર્કમાં પ્રશિક્ષણાર્થી દિલ ખોલીને પોતાની ઉણપ કે મુશ્કેલીને સરળતાથી દર્શાવી શકે છે. અને તજજ્ઞ દ્વારા ઉત્તમ માહિતી અને માર્ગદર્શન મેળવી શકે છે અને પોતાની મુશ્કેલીને દૂર કરી શકે છે.

### ફોન દ્વારા સંપર્ક :

આ પ્રકારના સંપર્ક દ્વારા પ્રશિક્ષણાર્થી પોતાના વિશેની માહિતી સરળ અને સારી રીતે આપી શકે છે. ખૂબ જ ઝડપી રીતે સંપર્ક કરવા તેમજ તુરંત માર્ગદર્શન અને સૂચનો મેળવવા એક અગત્ય પ્રકારનું સાધન ગણી શકાય છે.

### મુલાકાત દ્વારા :

પ્રશિક્ષણાર્થીની રૂબરૂ મુલાકાત લઈને તે અંગેની માહિતી મેળવી શકાય. જે બાબતો પત્ર કે ફોન દ્વારા જાણી શકાતી નથી તે બાબતો મુલાકાત દ્વારા વધુ સારી રીતે જાણી શકાય છે. અહીં પ્રશિક્ષણાર્થીની આત્મીયતાની ભાવના વિકસે છે. તેને પોતાની શિક્ષણ સંસ્થા પ્રત્યે માન પેદા થાય છે.

**ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન દ્વારા :**

ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન રાખી શકાય છે. આ પ્રકારના સંમલેનમાં વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીઓ વચ્ચે પણ આંતરક્રિયા થાય છે. એટલું જ નહિ વિદ્યાર્થીઓ એકબીજાના વિશે જાણી શકે છે તેમજ એકબીજાના વ્યવસાય અંગેની ચર્ચા પણ કરે છે. તેમાંથી એકબીજાને મદદ પણ કરતા થાય છે. વળી એકબીજાની તેમની વ્યવસાય અંગેની કુશળતાનો લાભ લેતા થાય છે.

**પ્રશિક્ષણાર્થીને તજજ્ઞ તરીકે સંસ્થામાં આમંત્રણ આપવું :**

આમ કરવાથી પ્રશિક્ષણાર્થીને પોતાની સંસ્થા વિશે સભાનપણું આવે છે. તેનામાં સંસ્થા પ્રત્યે માનની લાગણી ઉદભવે છે. વળી આ પ્રકારના કાર્યથી પ્રશિક્ષણાર્થીને વધુ સિદ્ધિ અને કુશળતા મેળવવા માટે પ્રેરણા મળે છે. દા.ત. બી.એડ. નો પ્રશિક્ષણાર્થી અનુસ્નાતકની ડીગ્રી મેળવ્યા બાદ કોઈ કોલેજના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરે છે અને તેને તજજ્ઞ તરીકે તેની જ માતૃ સંસ્થામાં બોલાવવામાં આવે તો તે પ્રશિક્ષણાર્થી ગર્વ અનુભવે છે તથા તે પ્રશિક્ષણાર્થી વર્તમાન પ્રશિક્ષણાર્થીઓને આ પ્રકારની સિદ્ધિ હાંસલ કરવા કે પી.એચ.ડી. કરવા માટે પણ પ્રેરાય છે.

## અનુકાર્યના ફાયદાઓ :

અનુકાર્યના ફાયદાઓ નીચે મુજબ જોઈ શકાય છે.

**(૧) મુશ્કેલીઓની જાણકારી :**

પ્રશિક્ષણાર્થી તાલીમ દરમિયાન પોતાના વ્યવસાય અંગેનું જ્ઞાન તો મેળવે જ છે. પરંતુ જયારે તે સમાજમાં જઈને આ બધા જ જ્ઞાનને અખત્યાર કરે છે. પરંતુ સમાજમાં વાસ્તવિક રીતે કઈ કઈ મુશ્કેલીઓ પડે છે તે અનુકાર્ય દ્વારા જાણી શકાય છે.

**(૨) મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય :**

અનુકાર્ય દ્વારા સમાજમાં વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રશિક્ષણાર્થીને કઈ–કઈ મુશ્કેલીઓ પડે છે તેટલું જ નથી જાણી શકાતું પરંતુ આ મુશ્કેલીઓનું નિવારણ કઈ રીતે કરી શકાય તે અંગેનું માર્ગદર્શન પણ પૂરું પાડી શકાય છે. દા.ત. એક પ્રશિક્ષણાર્થીને શાળામાં અનુકૂલન સાધવામાં એટલે કે શાળાના સહકર્મીઓ અને કાર્યકરો સાથે આંતરસંબંધ યોગ્ય રીતે સ્થાપવામાં મુશ્કેલી અનુભવે છે. જયારે બીજો એક પ્રશિક્ષણાર્થી આ કાર્યમાં નિપુણ છે તે આ નિપુણ પ્રશિક્ષણાર્થી મુશ્કેલી અનુભવતા પ્રશિક્ષણાર્થીને યોગ્ય સલાહ, માહિતી અને માર્ગદર્શન આપીને આ મુશ્કેલીનું નિવારણ કરી શકે છે.

**(૩) સેવાકાલીન તાલીમ આપી શકાય છે :**

પ્રશિક્ષણાર્થીઓ તાલીમ મેળવ્યા બાદ સમાજમાં કાર્ય કરે છે. આ કાર્ય સેવા દરમ્યાન તેના ક્ષેત્રમાં પરિવર્તન આવે છે.આ પરિવર્તિત પરિસ્થિતિમાં તેણે કેવી રીતે કાર્ય કરવું ? તે માટે તેની સેવા દરમ્યાન જ તાલીમ આપી શકાય છે. દા.ત. અમુક પ્રશિક્ષણાર્થી એ કલાર્ક તરીકેનો વ્યવસાય પસંદ કર્યો છે. પરંતુ હવે કોમ્પ્યુટરનો ઉપયોગ બહોળો થવા લાગ્યો છે તો સરકારે હવે તેમની પાસેથી કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજિયાત કરેલ છે. તો આવા પ્રશિક્ષણાર્થીઓને તેમની સેવા પણ ચાલુ રહે અને તેની સાથે–સાથે તેમને કોમ્પ્યુટરની તાલીમ પણ આપી શકાય છે.

**(૪) વર્તમાન પ્રશિક્ષણાર્થીઓને માર્ગદર્શન :**

અનુકાર્ય દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વર્તમાન પ્રશિક્ષણાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડી શકાય છે તેમને વર્તમાન પરિસ્થિતિઓમાં વાસ્તવિક પરિસ્થિતિ શું છે ? તે અંગે સભાન કરી શકાય છે. વળી આ પરિસ્થિતિમાં કાર્ય કેવી રીતે કરવું તે અંગેનું માર્ગદર્શન પણ આપી શકાય છે.

**(૫) જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરી શકાય :**

અનુકાર્ય દ્વારા જ્ઞાનનો યોગ્ય ઉપયોગ જીવનમાં કઈ રીતે કરી શકાય ? અને તેના દ્વારા રોજી રોટી કેવી રીતે મેળવી શકાય તે શીખી શકાય છે. દા.ત. આઈ.ટી.આઈ. કરેલ વિદ્યાર્થી બી.એડ. ની તાલીમ મેળવે છે. બી.એડ. ની તાલીમ મેળવ્યા બાદ સંજોગોવસાત તે કોઈ કંપનીમાં કામ કરે છે. અહીં તે જ્ઞાનનો ઉપયોગ કરે છે. પરંતુ બી.એડ. ની તાલીમ મેળવ્યા બાદ તેનામાં નેતૃત્વ વ્યવસ્થાપક જેવા વિવિધ ગુણો વિકસ્યા હોય છે. આ ગુણો દ્વારા તે કંપનીમાં પણ બઢતી મેળવે તો તેણે જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કર્યો તેમ કહી શકાય.

**(૬) સમાજની જરૂરિયાત જાણી શકાય :**

અનુકાર્ય દ્વારા સમાજને ખરેખર કેવા લોકોની જરૂરિયાત છે ? તે જાણી શકાય છે. જેમ કે બી.એડ. ના પ્રત્યેક પ્રશિક્ષણાર્થીને શિક્ષકની નોકરી મળતી નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ તે પ્રશિક્ષણાર્થી કંપનીમાં નોકરી કરે છે ત્યાં પણ તે ખૂબ જ સારી રીતે કમાય છે અને પોતાનું જીવન સારી રીતે વિતાવે છે એટલે કે સમાજને લાયકાત તેમજ કૌશલ્ય એમ બંને ગુણોની સમન્વયની જરૂરિયાત છે તેમ કહી શકાય.

## ઉપસંહાર :

આમ, અનુકાર્ય દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે આંતર સંબંધો સતત સ્થાપી શકાય છે. આમ કરવાથી પ્રશિક્ષણાર્થીઓને પોતાની માતૃ–સંસ્થા પ્રત્યે ગૌરવ અને આત્મીયતા કેળવાય છે. વળી અનુકાર્ય દ્વારા સમાજની વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રશિક્ષણાર્થીએ કેવું વર્તન કરવું, મુશ્કેલીઓનો ઉકેલ કેવી રીતે કરવો, જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો ? સમાજની શું જરૂરિયાત છે ? આ બધી બાબતો જાણી શકાય છે.

## સંદર્ભસૂચિ :

Brophy, J. & Evertson, C. (1976). *Learning from teaching: A developmental perspective*. Boston: Allyn & Bacon.

Danielson, L. (2002). *Developing and retaining quality classroom teachers through mentoring*. The clearing House, 75(4), 183-185.

Liu, X & Meyer, P. (2005). *Teachers perceptions of their jobs: A multilevel analysis of the teacher follow-up survey for 1994-95*. Teachers College Record, 107(5), 985-1003.

Mihans, R.(2009). *Can teachers lead teachers ?* Phi Delta Kappan, 89 (0), 762-765.



**AUTHORS NAME :**

CHETANKUMAR RAMANBHAI CHAUHAN

PH.D. STUDENT,

83, Shantikunj Society,

VIDYANAGAR-Vadtal Road,

Bakrol-388315.

ANAND, GUJARAT